ગાંધીનગર દક્ષિણની બેઠક સ્થાનિક ઉમેદવારને ફાળવવા ઠાકોર સમાજની માગ

આલમપુર ખાતે વિસ્તારના ઠાકોર સમાજના અગ્રણીઓની મળેલી બેઠકમાં કોંગ્રેસ હાઈકમાન્ડ પાસે રજૂઆત કરવાનો નિર્ણય કરાયો હતો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાની નવી બનેલી ગાંધીનગર(દ)ની બેઠક પર સ્થાનિક ઉમેદવારની પસંદગી કરવા તેમજ ઠાકોર સમાજના ઉમેદવારની પસંદગી કરવા માટે કોંગ્રેસ હાઈકમાન્ડ સમક્ષ રજુઆત કરવા અંગેનો એક પ્રસ્તાવ આજે આ વિસ્તારના ઠાકોર સમાજના આગેવાનોની બેઠકમાં પસાર કરાયો હતો.

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આલમપુર નજીક શક્તિધામ ખાતે મળેલ આજની આ બેઠકમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી ડૉ. સી.જે. ચાવડા, સાંસદ શ્રી જગદીશ ઠાકોર સહિત ૩૦૦ થી પણ વધુ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની પૂર્વ અધ્યક્ષ શ્રી અરવિંદસિંહ સોલંકીના અધ્યક્ષપદે મળેલી આ બેઠકમાં ઠાકોર સમાજને ટિકિટ ફાળવવા માટેનો આગ્રહ દરેક વક્તાઓએ તેમના પ્રવચનમાં વ્યક્ત કર્યો હતો. આ બેઠકને શ્રી સેંધાજી ઠાકોર પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ, શ્રી જુગાજી ઠાકોર, જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ શ્રી પ્રહલાદજી ઠાકોર, શ્રી કાળુસિંહ ડાભી સહિતના આગેવાનોએ સંબોધી હતી.

આ આગેવાનોએ જણાવ્યું હતું કે ગાંધીનગર (દ)ની બેઠક પર ૬૦ હજાર જેટલા ઠાકોર સમાજના મતો છે અને આઝાદી મળી ત્યારથી આ સમાજને ટિકિટ ફાળવવામાં આવી નથી. પહેલાં ગાંધીનગરની એક બેઠક હતી હવે બે બેઠકો થઈ છે ત્યારે અમારી વસ્તીના પ્રમાણમાં આ બેઠક ફાળવવા માટે પ્રદેશ હાઈકમાન્ડે વિચારણા હાથ ધરવી જ જોઈએ.

બેઠકને સંબોધન કરતાં જિલ્લા પ્રમુખ ડૉ. સી.જે. ચાવડાએ જણાવ્યુ ંહતું કે તેઓ તેમની લાગણી પ્રદેશ મોવડીમંડળને જરૂર પહોંચાડશે.

આ બેઠકમાં જિલ્લાની વર્તમાન રાજકીય સ્થિતિ અંગે પણ ચર્ચાઓ થઈ હતી. ગાંધીનગર (દ)ની બેઠક માટે ઠાકોર સમાજે કરેલા આગ્રહને લઈ જિલ્લાના રાજકારણમાં નવો ગરમાવો આવ્યો છે.

ગાંધીનગર (દ) ની બેઠક માટે કોંગ્રેસ પક્ષ તરફથી હાલ પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નરહરિ અમીનનું નામ ચર્ચામાં છે. જો કે આ બેઠક માટે શ્રી જુગાજી ઠાકોર, શ્રી સેંધાજી ઠાકોર, શ્રી પ્રહલાદજી ઠાકોરે પણ માંગણી કરી છે.

અકસ્માત દિન - ગાંધીનગરે શુકવારનો દિવસ અકસ્માત દિન તરીકે ઉજવ્યો હોય એમ વર્તાતું હતું. બાર કલાકમાં નાના-મોટા ૬ થી ૭ અકસ્માત સર્જાયા હતા. કેટલાક તો પોલીસ ચોપડે નોંધાયા પણ નહોતા. સચિવાલય, એલ.ડી.આર.પી. ચાર રસ્તા પાસે, 'ગ' અને 'ચ' માર્ગ પર નાના-મોટા અકસ્માતો સર્જાયા હતા. સદભાગ્યે કોઈને વધુ ઈજા થઈ નહોતી. ગાંધીનગરની તાસીર છે કે, પહોળા માર્ગોને કારણે વાહનો ઝડપી ચલાવવાની ચાલકોને મોજ પડતી હોય તેમ દ્વિચક્રી વાહનો દોડે છે અને ક્રોસ રોડ પર જાણે-અજાણે મોટા વાહનોની ઝપટમાં આવી જાય છે. વહીવટી તંત્રે પણ આ સંદર્ભે સવેળા વિચારવું જોઈએ. સાથે સાથે સામાજિક સંસ્થાઓએ પણ લોકજાગૃતિ માટે અભિયાન શરૂ કરવું જોઈએ. એક અકસ્માતમાં ટ્રેક્ટરમાં હેવી ઈલેક્ટ્રીક ટ્રાન્સફોર્મર લઈ જવાતા હતા પણ અકસ્માત નડતા એ ટ્રાન્સફોર્મર રસ્તા પર પછડાતા તેમાં રહેલું કુલીંગ ઓઈલ રસ્તા પર ઢોળાઈ ગયું હતું. **(તસવીર : દિપક જાની)**

બનાવટી માર્કશીટ બનાવી આપતા ત્રણ શખ્સો ઝડપાયા

પોલીસે ડમી ગ્રાહક મોકલીને ટ્રેપ ગોઠવી : રૂ. ૨૫ થી ૫૦ હજારમાં એલ.સી., માર્કશીટ તથા ડોમીસાઈલ સર્ટી બનાવી આપતા હતા : શાળા સંચાલક મુખ્ય સૂત્રધાર : સ્પર્ધાત્મક પરીક્ષા આપતા ઉમેદવારોને ટાર્ગેટ બનાવ્યા

ગાંધીનગર, તા. ૨

સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપતા ઉમેદવારોને બનાવટી એલ.સી., ડોમીસાઈલ સર્ટી તથા માર્કશીટ જેવા પ્રમાણપત્રો બનાવી આપતી ટીમ સક્રીય હોવાની બાતમીને આધારે અડાલજ પોલીસે ડમી ગ્રાહક બનાવીને ટ્રેપ ગોઠવી ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા છે. કમીશન બેઈઝ પર કામ કરતાં આ ત્રણેય શખ્સોની ધરપકડ કરી વોન્ટેડ મુખ્ય સૂત્રધાર એક શાળા સંચાલકની શોધખોળ માટે અડાલજ પોલીસે ચકો ગતિમાન કર્યા છે.

અડાલજ પી.આઈ. એસ.જી. પરમારને બાતમી મળી હતી કે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ગેરલાયક હોય તેવા વિદ્યાર્થીઓને લાયક ઉમેદવાર બનાવવા માટે નકલી સ્કૂલ લીવીંગ સર્ટીથી માંડીને ડોમીસાઈલ સર્ટી તથા માર્કસીટ જેવા અગત્યનાં પ્રમાણપત્રો રૂ. ૨૫ હજારથી ૫૦ હજારમાં બનાવી આપતી એક ટોળકી સક્રિય છે જેને આધારે અડાલજ પી.આઈ.એ એક ડમી ગ્રાહક તૈયાર કરી તેનો સંપર્ક સાંધ્યો હતો અને સર્ટી

● અનુસંધાન પાન-૭ પર

કોર્ટમાંથી ભાગી છુટેલા આમીન બાદશાહનો હજુ કોઈ પત્તો નથી !!

સે. ૬માં પડોશીને ત્યાં લુંટ ચલાવી ડબલ મર્ડર કર્યુ હતું : પાંચેક માસ અગાઉ જજ સામે જ ફીલ્મી ઢબે નાસી ગયો હતો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના સે. ૬માં પોણા બે વર્ષ અગાઉ ચકચારી બનેલા લુંટ વીથ ડબલ મર્ડર કેસનો મુખ્ય સૂત્રધાર પાંચેક માસ અગાઉ મુદતે આવ્યો તે દરમ્યાન કોર્ટમાં ન્યાયાધીશની નજર સામે જ કથેડાથી દોડીને બારીમાંથી છલાંગ લગાવી ફીલ્મીઢબે ચકમો આપી પલાયન થઈ ગયો હતો. સે. ૬માં જ રહેતો આ મુખ્ય આરોપી આમીન બાદશાહ મનસુરીને હજુ સુધી જિલ્લા પોલીસ તેની પકડી શકી નથી અને હજુ પોલીસની નજરોથી નાસતો ફરે છે.

સહેરના સેક્ટર-૬માં પોણા બે વર્ષ અગાઉ મકાનમાં ઘુસીને ત્રણ શખ્સોએ મળીને તબીબ પુત્રી અને માતા બન્નેના બેરહેમીપૂર્વક મર્ડર કરી નાંખી દાગીના તથા રોકડ રકમ અને કિંમતી ચિજવસ્તુઓની લુંટ થવા પામી હતી. જ્યારે ચકચાર મચાવી દેનાર આ કિસ્સાની તપાસ દરમ્યાન જેના મર્ડર થયા હતા તેના જ પડોશી યુવાન શખ્સ આમીન બાદશાહ મનસુરી અને તેના અન્ય બે મિત્રોનો હાથ હોવાનું બહાર આવ્યું હતું. ત્રણેયની ધરપકડ કરીને પોલીસે સેન્ટ્રલ જેલ હવાલે કરી દીધા હતા. દરમ્યાન મુખ્ય સૂત્રધાર આમીન બાદશાહ મનસુરીને મુદત માટે ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં પાંચેક માસ અગાઉ લાવવામાં આવ્યો હતો. ન્યાયાધીશની સામે જ કથેડાથી દોડીને પ્રથમ મજલેથી બારીએથી છલાંગ લગાવી આમીન ભાગ્યો હતો અને પાર્કિંગ પાછળ એક અન્ય શખ્સ બાઈક લઈને ઉભો હતો તેની પાછળ બેસી જઈને પલવારમાં જ ફરાર થઈ ગયો હતો. તેને શોધવા માટે ચાર-ચાર ટીમો કામે લાગી હતી પરંતુ આજ દિન સુધી તેનો પત્તો લાગ્યો નથી. હજુ પણ આમીન બાદશાહ નાસતો ફરે છે. તો બીજી તરફ એલસીબીએ એક્ટીવ કરેલી આમીન સ્કવોર્ડ પણ હવે વિખેરાઈ ગઈ છે.

ભાજપ પાર્લામેન્ટરી બોર્ડમાં આજે ૩૪ બેઠકની સમીક્ષા

પ્રદેશ અધ્યક્ષ ફળદુ-મોદીના નેતૃત્વમાં બેઠકનો દોર જારી

ગુજરાતમાં બે તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાશે

અમદાવાદ, તા. ૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપ આક્રમક મૂડમાં છે. ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાને લઈને ચર્ચાનો દોર યથાવતરીતે જારી રહ્યો છે. વિજેતા બની શકે તેવા ઉમેદવારો પર ગંભીરતાપૂર્વક સમિક્ષા થઈ રહી છે. આવતીકાલે પણ આ દોર જારી રહે તેવી શક્યતા છે. એકબાજુ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં ચર્ચાનો દોર જારી છે બીજીબાજુ કોંગ્રેસ દ્વારા પણ તેની વ્યૂહરચના પર ચર્ચા ચાલી રહી છે. બે તબક્કામાં ચૂંટણી યોજાનાર છે ત્યારે એકબીજાના ઉમેદવારો વધુ મજબુત રહે તેવી ગણતરી થઈ રહી છે.ગુજરાત વિધાનસભાની ૧૩ અને ૧૭ ડિસેમ્બરના રોજ યોજાનારી વિધાનસભાની ૧૮૨ બેઠકોની ચૂંટણીના ઉમેદવારોની પસંદગી અને

સમીક્ષા માટે ભાજપા પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની ૩૦ ઓક્ટોબરથી ચાલી રહેલી બેઠક આવતીકાલે ૩જી નવેમ્બરે સતત પાંચમા દિવસે યોજાશે. ભાજપાના પ્રદેશ અધ્યક્ષ આર. સી. ફળદુની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાનારી ૩ નવેમ્બરની આ બેઠકમાં ૩૪ વિધાનસભા બેઠકોની સમીક્ષા હાથ ધરાશે. ભાજપાના પ્રદેશ મીડીયા ઈન્ચાર્જ ડૉ. જગદીશ ભાવસારે જણાવ્યું છે કે ૩ નવેમ્બરના રોજ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં વડોદરા શહેરની-૫, વડોદરા જીલ્લાની-૮,આણંદ જીલ્લાની-૭, બનાસકાંઠા જીલ્લાની-૯, ગાંધીનગર જીલ્લાની-૪ અને ગાંધીનગર શહેરની-૧ મળીને કુલ ૩૪ બેઠકોની નિરીક્ષકોના અહેવાલને આધારે સમીક્ષા કરાશે.

લૂંટ કેસમાં આરોપીઓને ચાર વર્ષની કેદ ભોગવવા આદેશ

એક વ્યક્તિને રીક્ષામાં બેસાડી લેપટોપ, વીંટી અને પાકીટ પડાવી લીધુ હતુ

ગાંધીનગર, તા. ૨

એક વ્યક્તિને રીક્ષામાં બેસાડી લેપટોપ સહિત રોકડની લૂંટ કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ચાર વર્ષની કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર તા. ૫ સપ્ટેમ્બર વર્ષ ૨૦૧૧ના રોજ અડાલજમાં રહેતો શૈલેષ ઉર્ફે ડગા મણાજી ઠાકોર તેમજ જીગ્નેશ દશરથજી ઠાકોરે જમિયતપુરા આર વર્લ્ડ પાસેથી ધવલ કાળાભાઈ પટેલને રીક્ષામાં બેસાડ્યા હતા. રીક્ષામાં બેસાડી તેમને માર મારી થેલામાંથી લેપટોપ, ચાંદીની વીંટી, પાકીટ સહિત અગત્યના કાગળો લૂંટી લીધા હતા. લૂંટના ઈરાદે આવેલ આરોપીઓ પૈકી શૈલેષ રીક્ષા લઈને આવ્યો હતો. જ્યારે જીગ્નેશે આ ગુનામાં મદદગારી કરી હતી. આ બનાવ સંદર્ભે ધવલભાઈએ અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી

● અનુસંધાન પાન-૭ પર

ઠંડીનું જોર વધ્યું નલિયા ૧૪.૪ ડિગ્રી

અમદાવાદ,તા.૨

નિલમ વાવાજોડાને પગલે તમિલનાડુ અને તટ પ્રદેશમાં વરસાદ થઈ રહ્યો છે. ત્યારે બીજી તરફ ધીમે ધીમે ઠંડીનું જોર વધી રહ્યું છે. આજે કચ્છના નલિયામાં તાપમાનનો પારો ગગડી ૧૪.૪ ડિગ્રી સેલ્શિયસે પહોંચી જતાં નલિયાવાસીઓ ઠુંઠવાઈ ગયા હતા. રાજયના અન્ય શહેરોમાં પણ ઠંડીનું પ્રમાણ વધ્યું હતું. દરમિયાન આગામી ૨૪ કલાકમાં આકાશ સ્વચ્છ રહેશે અને લઘુતમ તાપમાન ૧૬ ડિ.સે.ની આસપાસ રહેશે તેમજ ડિસેમ્બર માસમાં અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૦ ડિ.સે.થી નીચે જવાની હવામાન વિભાગે આગાહી કરી છે. કચ્છના નલિયામાં લઘુતમ તાપમાન ૧૪.૪ ડિગ્રી સેલ્શિયસ નોંધાવાની સાથે હવામાં ભેજનું પ્રમાણ પણ વધ્યું હતું. આ ઉપરાંત વહેલી સવારે ઝાકળ પડતાં ઠંડીમાં વધારો થયો હતો. રાજયના મોટા ભાગના શહેરોનું લઘુતમ તાપમાન ૧૭ ડિ.સે.થી નીચે રહ્યું હતું.બીજી તરફ વહેલી સવારે વાતાવરણમાં ગાઢ ધુમ્મસ છવાતાં ૫૦ મીટર સુધીનું દ્રશ્ય પણ ધૂંધળું દેખાતું હતું,જેથી વાહનચાલકોને સવારે પણ લાઈટો ચાલુ રાખવાની ફરજ પડતી હતી. આજે રાજયભરમાં ઠંડીનું પ્રમાણ ઠીક ઠીક વધતાં લોકોએ ગરમ વસ્ત્રો કાઢ્યા હતા. આમ રાજયમાં આકાશ પરથી વાદળો વિખેરાતાં શિયાળાની મોસમ જામી રહી છે. હવામાન ખાતાએ માહિતી આપતા કહ્યુ છે કે આજે રાજયમાં સૌથી ઓછુ લઘુત્તમ તાપમાન નલિયામાં ૧૪.૪ ડિગ્રી નોંધાયુ હતુ.

મતદાર જાગૃતિ અભિયાનના ભાગરૂપે કલેક્ટર ઓફિસથી સરદારપટેલ સ્મારક સુધી સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

ગાંધીનગર શહેરમાં સૌથી વધુ વેટ ભરતા દસ વેપારીઓના સન્માનની યોજના

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં સૌથી વધુ વેટ ભરતા દસ વેપારીઓનું જાહેર સન્માન કરવાની એક યોજના મહાનગરપાલિકાના તંત્ર દ્વારા વિચારણા હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ અંગેની કાચી રૂપરેખા તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવી છે અને ચૂંટણી પ્રક્રિયા બાદ તેને આખરી કરવાની દિશામાં આગળ વધવામાં આવશે.

દરમ્યાન શહેરમાંથી વેટની થતી આવકને લઈ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી પ્રવિણ પટેલે એક પત્ર લખીને કોર્મ. ટેક્ષના સંયુક્ત કમિશનરશ્રી વાલે આ અંગેની વિગતો પણ માંગી છે. જેમાં તેમણે આ યોજના વિચારાધીન હોવાનો નિર્દેશ આપ્યો છે.

શહેરમાંથી થતી વેટની આવકમાંથી શહેરના વિકાસ માટે કેટલી રકમ ફાળવવામાં આવે છે તેની વિગતો પણ એકત્ર કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરને ફાળવવામાં આવતી જુદી જુદી ગ્રાન્ટો અંગે પણ શહેરી વિકાસ વિભાગ પાસેથી વિગતો માંગવામાં આવી રહી છે. જો કે હાલ તો રાજયમાં આચારસંહિતા અમલી હોવાથી આ અંગેની કોઈ વિગતો ઉપલબ્ધ નહિ હોવાનું કહેવાઈ રહ્યું છે.

ધી ગાંધીનગર નાગરીક કો.ઓપ. બેન્ક લિ., ગાંધીનગર
પ્લોટ નં. ૩૯૧, ઘ-૪૦, સેક્ટર-૧૬, ગાંધીનગર.
કોમ્પ્યુટર સર્વ બાબતે
બેન્કની હેડ ઓફિસ ખાતે ઉપરોક્ત સરનામે જરૂરી કોમ્પ્યુટર સર્વ ખરીદવાનું હોવાથી તે અંગેનું વિગતો દર્શાવતું પત્રક બેન્કના જનરલ મેનેજર પાસેથી મેળવીને તે અંગેના ભાવપત્રકો સિલબંધ કવરમાં તા., ૧૭-૧૧-૨૦૧૨ સુધીમાં મોકલી આપવા.
લિ.
મેનેજીંગ ડિરેક્ટર

જેસલમેર-જોધપુર
ડીલક્સ-A.C Hotel Rs.
રણથંભોર Tiger Jungle Safari
GOA By Bus-Plane Resort In Goa
શિવ ટ્રાવેલ્સ 079-27541212 93746 31852

"આ તક ચુકશો નહી"
પાર્ટ / ફુલટાઈમ
98257 71573, 98240 33718

॥ અભય ॥ ABHAY
ZARIN CATERING Pvt. Ltd.
FOR PROFESSIONAL & EXCELLENT OUTDOOR CATERING
REGISTERED OFFICE : B-203, Aman Flat, opp. BJP Office, J.P. Chowk, Khanpur, Ahmedabad
CORRESPONDENCE OFFICE : Neminath Electronics, Plot No. E-192, Electronics Estate, B/h. Videocon Factory, Sector-26, Gandhinagar

વળતર
સ્પે. ઓફર 20%
પડદા-II કાપડ ઉપર
તા. ૨-૧૦-૨૦૧૨ થી ૩૧-૧૧-૨૦૧૨ સુધી
ભારત હેન્ડલુમ
સર્વોદય હેન્ડલુમ
રવિવારે શો-રૂમ બંધ છે

અલ્ટ્રાટેક સિમેન્ટ
ઓફિસિયલની પસંદગી
FAIR MATE
VIRAT TMT BARS
UTKARSH
સાચ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :-
શ્રી વૈશ્વી ટ્રેડર્સ
સ્ટોર-૬, ત્રીજો માળ, અડાલજ બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
101-23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729

SANGHI CEMENT
KISAN
BENELAVE
H.FIXIT
VIRAT TMT BARS - ISI
TATA STEEL • PIPES • SHEETS
SANGHI STEEL - ISI
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com